ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૧ ટકા

# વાહન રોડ પર પાર્ક કરો અને પાર્કિંગમાં બરફગોળો ખાવ

## સ્વર્ણિમ પાર્ક પર પાર્કિંગ લોટમાં જ અડ્ડો જમાવતા રેંકડીવાળાઓ : અહીં રાત્રે 'ઠંડા' થવા આવતા સહેલાણીઓને પોતાના વાહનો રોડ પર પાર્ક કરવા પડે છે : ટ્રાફિક જામ સાથે અકસ્માતનું જોખમ સર્જાય છે

ગાંધીનગર, તા.૧૫

ઉનાળાના પ્રારંભ સાથે જ ગાંધીનગરમાં શહેરીજનોનું 'ઠંડા' થવાનું હોટ ફેવરિટ સ્થળ એટલે ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટા 'સ્વર્ણિમ પાર્ક' સાંજ પડતા જ 'હાઉસ ફુલ' થઈ જાય છે. સ્વર્ણિમ પાર્કની બંને તરફના માર્ગે નગરજનો બરફના ગોળા, શેરડીના રસ, હાજમા હજમ, આઈસ્ક્રીમ-કુલ્ફી વગેરેની પરિવાર સહિત મોજ માણે છે. જો કે આ માર્ગો પર ઉભા રહેતા બરફના ગોળા ઈત્યાદિની રેંકડીવાળાઓ પાર્કિંગ લોટમાં જ તેમના અડ્ડા જમાવે છે જેના કારણે અહીં આવતા સહેલાણીઓને તેમના વાહન રોડ પર પાર્ક કરવા પડે છે જેથી રોડ પર ટ્રાફિક જામ થવાની અને રોડ સાંકડો થઈ જવાની સમસ્યા સર્જાય છે.

સ્વર્ણિમ પાર્કની બંને તરફ ઉનાળામાં રાત્રિના સમયે જામતું ઠંડા પીણાં ઈત્યાદિનું બજાર શહેરમાં ખૂબ લોકપ્રિય રહેવા પામ્યું છે. સાંજના વાળુ પછી અહીં 'ઠંડા' થવા આવતા પરિવારોની સંખ્યા ખૂબ મોટી હોય છે. કારણ કે આ સ્થળ શહેરની તદન મધ્યમાં આવેલું છે તેમજ વિશાળ સ્વર્ણિમ પાર્કની લોનના ખુલ્લા આકાશ નીચે ઠંડો પવન માણવા મળે છે. દરરોજ સાંજ પછી અહીં મેળા જેવો માહોલ જામે છે અને ઘ-૪ સર્કલ પણ સહેલાણીઓથી ઉભરાઈ જાય છે. જો કે આ તમામ સહેલાણીઓને તેમના ટુ-વ્હીલર અને ફોર વ્હીલર વાહનો ઘ-૪ સર્કલની આસપાસ અથવા સ્વર્ણિમ પાર્કની બંને સાઈડના રોડ પર જ પાર્ક કરવા પડે છે કારણ કે આ બંને માર્ગો પરની ફુટપાથ સાથે બનાવાયેલા પાર્કિંગ લોટમાં બરફ ગોળા, ઠંડા પીણાં આઈસ્ક્રીમ-કુલ્ફી, હાજમાહજમ કે અન્ય ખાણીપીણીની ચીજવસ્તુઓ વેચનારાઓની લારીઓ કે રેંકડીઓ અડ્ડા જમાવીને ઉભી હોય છે. એટલું જ નહી લારીની બાજુમાં તેમના ૨૦ થી ૨૫ જેટલા ગ્રાહકોને બેસાડવા માટેના સ્ટુલ્સ પણ મુકી દીધા હોય છે. જેથી મોટા ભાગનો પાર્કિંગ લોટ પેક થઈ જાય છે અને વાહન પાર્કિંગ માટે જગ્યા જ વધતી નથી. છેવટે વાહનચાલકોને તેમના વાહન રોડ પર જ પાર્ક કરવા પડે છે. જેના કારણે રોડ સાંકડો થઈ જાય છે અને ટ્રાફિક જામ પણ વારંવાર જોવા મળે છે એટલું જ નહી ઘણીવાર વાહનચાલકો વચ્ચે તુ તુ મૈં મૈંના દૃશ્યો સર્જાય છે. વળી, અહીં પરિવાર સાથે આવેલા સહેલાણીઓના રમતા બાળકો-ભૂલકાંઓ અકસ્માતનો ભોગ બને તેવું જોખમ પણ ખડું થાય છે સત્વરે અહીં પાર્કિંગ લોટમાંથી રેંકડીઓવાળાના દબાણોને દૂર કરાય જેથી પાર્કિંગ લોટ વાહન પાર્ક કરવા વાપરી શકાય તેવી જનતામાં માંગ ઉઠવા પામી છે.



### 'ધૂમ' બાઈકીંગથી ડરાવતા નબીરાઓ

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વર્ણિમ પાર્ક વિસ્તારમાં રાત્રિના સમયે જયારે સમગ્ર વિસ્તાર સહેલાણીઓથી ભરચક હોય છે ત્યારે 'ધૂમ' બાઈકીંગ કરતા બાઈકસવારોનો ત્રાસ જોવા મળે છે. જેઓ શાંત, ખુશનુમા વાતાવરણમાં કર્કશ ઘોંઘાટ તો પેદા કરે જ છે સાથે સાથે અહીં રમતા બાળકો-ભૂલકાંઓ સહિત તમામ પર અકસ્માતનું જોખમ ઉભું કરે છે. આવા નબીરાઓ પર લગામ તણાય તેવી સહેલાણીઓમાં માંગ પ્રવર્તી રહી છે.

## લીંબડીયા કેનાલમાંથી બિનવારસી આધેડનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક લીંબડીયા નર્મદા કેનાલમાંથી આજે સવારે આશરે ૪૫ વર્ષીય આધેડનો બિનવારસી મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી તેની ઓળખ માટે તજવીજ શરુ કરી પરંતુ તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા તેણે પહેરેલા કપડામાંથી મળી આવ્યા ન હતા. મૃતદેહ જોતા ચાર-પાંચ દિવસથી કેનાલમાં મૃતદેહ પડ્યો હોય તેવું લાગી રહ્યું છે. ડીકમ્પોઝ્ડ થઈ ગયેલો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તેની ઓળખ માટે તપાસ તેજ કરી મૃત્યુનું કારણ બહાર લાવવા પ્રયત્નો શરુ કર્યા હતા. પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધી ડભોડા પોલીસે કાર્યવાહી શરુ કરી છે.

## બાલાજી અગોરામાં તસ્કરો ત્રાટકયા

### જાળીનું તાળુ અને ઈન્ટરલોક તોડીને તસ્કરો મકાનમાં ઘુસ્યા

ગાંધીનગર, તા.૧૫

સુઘડ ગામની સીમમાં આવેલી બાલાજી અગોરા રેસીડેન્સીમાં ફલેટ નં. ૨-ઈ-૯ ખાતે રહેતા નિવૃત્ત કર્મચારી વિનોદભાઈ ગુરમુખદાસ હરવાણી ત્રણ દિવસ અમદાવાદ ખાતે સામાજીક કારણોસર પરિવાર સાથે ગયા હતા. ત્રણ દિવસ બંધ રહેલા મકાનને ટાર્ગેટ કરીને તસ્કરો તેમના મકાનમાંથી હાથફેરો કરી ગયા હતા. મકાનની જાળીનું લોક અને ઈન્ટરલોક તોડીને મકાનમાં ઘુસેલા તસ્કરો રૂ. ૨૦ હજાર રોકડ તથા દાગીના મળી રૂ. ૩૦ હજારની મત્તા સાફ કરી ગયા હતા. મકાન માલિકની ફરિયાદ આધારે અડાલજ પોલિસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## 'ધરતી દિન' નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

કુદરતના આ અણમોલ સર્જન સમી આ પૃથ્વી એક માત્ર જીવંત ગ્રહ છે જેના પર માનવીય હસ્તક્ષેપના કારણે હવા, પાણી, જમીનનું પ્રદુષણ થયું છે. આ પ્રદુષણને કારણે ગ્રીન હાઉસ અસર, ગ્લોબલ વોર્મિંગ, કલાયમેન્ટ ચેન્જ, વધતી જતી ગરમી જેવી પર્યાવરણીય સમસ્યાઓ ઉભી થઈ છે.

આ સમસ્યાઓ અંગે જાગૃતિ કેળવવા તથા આપણા ઘર સમાન આ પૃથ્વી ગ્રહની જાળવણી માટે દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૨૨ એપ્રિલ 'ધરતી દિન' તરીકે ઉજવાય છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી, ગાંધીનગર તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે 'ચિત્ર સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે ધરતી દિનની ઉજવણી વિવિધ વિષયોને લઈને કરવામાં આવે છે. આ વર્ષનો વિષય 'પ્લાસ્ટીક પ્રદુષણ અટકાવવું' રાખવામાં આવ્યો છે. સમગ્ર વિશ્વમાં આ વિષય આધારિત જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજીત આ ચિત્ર સ્પર્ધા તા. ૨૨-૪-૧૮ના રોજ સવાર ૯ થી ૧૧ કલાક દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. આ ચત્ર સ્પર્ધાનો વિષય 'પ્લાસ્ટીક પ્રદુષણથી પૃથ્વીને બચાવીએ' રાખવામાં આવ્યો છે. આ ચિત્ર સ્પર્ધામાં બે વિભાગ રખવામાં આવ્યા છે. પ્રથમ વિભાગમાં ધોરણ-૫ થી ધોરણ-૮ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે અને બીજા વિભાગમાં ધોરણ-૯ થી ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

### ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને ઈનામોથી સન્માનાશે

ચિત્ર સ્પર્ધાના બંને વિભાગના પ્રથમ વિજેતાને રૂ. ૫૦૦, દ્વિતીય વિજેતાને રૂ. ૩૦૦ અને તૃતીય વિજેતાને રૂ. ૨૦૦ રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવશે. ચિત્ર માટે જરુરી કલર, કંપાસબોક્ષ અને પેડ વિદ્યાર્થીઓએ જાતે લાવવાનું રહેશે. સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને ડ્રોઈંગ શીટ આપવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૨૧-૪-૧૮ સુધીમાં કાર્યાલય ફોન નં. ૨૩૨૩૫૨૧૫ અથવા હાર્દિક મકવાણા ૯૪૨૬૪ ૫૧૧૦૨ અને શિવાંગ પટેલ ૯૦૯૯૦ ૮૨૯૩૨ ને નામ નોંધાવવા જણાવાયું છે.

## શહેરની વિવિધ શાળાઓ દ્વારા સમર કેમ્પના આયોજન


ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરની વિવિધ શાળાઓ દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. માત્ર સામાન્ય ફીમાં વિવિધ રમતોનો સમાવેશ કરાયો છે. જયારે બાળકોની આંતરીક શકિત ખીલે તે માટે શાળા દ્વારા આ પ્રયત્ન કરવામાં આવ્યો છે. સમર કેમ્પમાં આર્ટ એન્ડ કાર્ફટ, હેન્ડ બોલ, વોલીબોલ, ફુટબોલ, કેરમ, સંગીત, નૃત્ય, નાટક, બાસ્કેટ બોલ, ડ્રોઈંગ, ફુલ રેકેટ, ક્રિકેટ, સ્વીમીંગ, યોગ સહિતનો સમાવેશ થાય છે. જયારે માતા-પિતા દ્વારા બાળકને જેમાં રસ અને રુચી હોય તે વિષયમાં મુકવામાં આવે છે. જયારે પહેલા સમર કેમ્પનું આયોજન શહેરની કેટલીક નામી સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. પરંતુ હવે તેના સ્થાને શાળા પરિવાર દ્વારા જ સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

ગાંધીનગર શહેરની શાળાઓમાં પરિક્ષા પૂર્ણ થતા જ શહેરમાં વેકેશનનો માહોલ જોવા મળી રહ્યો છે. ગરમીથી કંટાળેલા નગરજનો મોડીરાત સુધી કુદરતી વાતાવરણમાં બેસી રહેલા નજરે પડે છે. ત્યારે બાળકોની પરિક્ષા પૂર્ણ થતા શહેરની વિવિધ સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવતું હતું. જયારે બાળકોને મોકળાશભર્યુ મેદાન મળી રહે તે માટે શાળા સંચાલકો દ્વારા મેદાન વિના મુલ્યે ગણતરીના દિવસો માટે આપવામાં આવતું હતું. વેકેશનના સમયમાં વિવિધ ઈતર પ્રવૃતિઓથી બાળકોની આંતરીક શકિત ખીલે તેવા ઉમદા હેતુંથી સમર કેમ્પના આયોજન કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે તો શહેરની મોટાભાગની શાળાઓ દ્વારા જ સમર કેમ્પનું આયોજન કરાયું છે. એપ્રિલ તેમજ મે માસમાં તબક્કાવાર કેમ્પ યોજાય છે. ત્યારે શહેરમાં શાળાઓ અને સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા ઠેકઠેકાણે સમર કેમ્પ યોજાતા હોવાથી સમર કેમ્પનો ક્રેઝ પણ ઘટી જવા પામ્યો છે.જેથી કેમ્પના આયોજકોના ધારણા કરતા ઓછી સંખ્યા જોવા મળે છે. પરંતુ વર્ષોથી શહેરમાં સમરકેમ્પ યોજાતા હોવાથી આગામી ટુંક સમયમાં સમર કેમ્પ શરુ થઈ જશે અને તે માટેની તૈયારીઓ તેમજ પ્લાનીંગ પણ પૂર્ણ કરી દેવાયા છે. ત્યારે સવાર તેમજ સાંજના સુમારે બાળકોની ગુંજથી સમર કેમ્પના વાતાવરણમાં અનેરો માહોલ સર્જાશે.

# અસહાય-નિરાધારોનો જઠરાગ્નિ ઠારતી વાવોલની ટિફિન સેવા

## શિક્ષક પિતાના સંસ્કારોએ સંતાનોને અનોખું સેવાકાર્ય કરવા પ્રેરિત કર્યા : પિતાના મિત્રએ સંચાલનની જવાદારી ઉપાડી લેતા સમગ્ર સેવા કાર્ય મહેંકી ઉઠયું




ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામના સ્વ. પુંજાજી ગોલ જેઓ વ્યવસાયે શિક્ષક હતા તેઓ હંમેશા પોતાના સંતાનોને શીખ આપતા કે 'બેટા જયારે પણ તક મળે ત્યારે ગરીબ અને ભૂખ્યાં માનવીઓ અને અબોલ પ્રાણીઓની સેવા કરજો, દરેક દાન આપતી વખતે દાન લેનારની પાત્રતા જોવી પડે પરંતુ માત્ર 'અન્નદાન' એક એવું દાન છે જેમાં લેનારની પાત્રતા જોવાની જરૂર નથી. આ એક સિંચન જેવું કાર્ય છે, માટે અસહાય અને નિરાધારને ભોજન પુરું પાડજો.' તે વખતે સામાન્ય મધ્યમવર્ગીય પરિસ્થિતિમાં જીવતા આ શિક્ષકના બંને દિકરાઓ અંબુસિંહ ગોલ અને પ્રેમલસિંહ ગોલે મોટા થઈ રોડ કોન્ટ્રાકટરના વ્યવસાયમાં પોતાની મહેનત અને લગનથી સફળતા હાંસલ કરી અને પરિવારને સમૃધ્ધ બનાવ્યું પછી પિતાની શીખને વાસ્તવિકતામાં બદલવા નિર્ધાર કર્યો.

આધ્યાત્મિક વાંચન થકી સંતાનોને સારા સંસ્કાર આપનાર પિતાએ શીખવેલા આદર્શોને પરિપૂર્ણ કરવા તેમની પાસે નાણાં તો હતા પરંતુ તેમને એક એવી વ્યકિતની શોધ હતી જે આ કાર્યને સેવા સમજી પ્રમાણિકતાથી સંભાળી શકે. આ દરમિયાન ગત વર્ષે એક નાનકડી ઘટના બની અંબુસિંહની દિકરીના લગ્નનું નોંતરું તેમણે તમામ સ્વજનો તથા સ્નેહીજનોને આપ્યું હતું પરંતુ આ લગ્નપ્રસંગમાં તેમના પિતાના મિત્ર નટુભાઈ પટેલ જેઓ પણ વાવોલના મૂળ વતની હતા અને બીડબલ્યુડી વિભાગની સરકારી નોકરીમાંથી નિવૃત્ત થવા સાથે ગાંધીનગરમાં સ્થાયી થયા હતા તેમની હાજરી જોવા મળી નહી. તેમને મોકલવામાં આવેલ કંકોત્રી સંજોગોવસાત મળી શકી નહોતી. એક દિવસ કોઈક સ્નેહીજનના અવસાન સમયે આ નટુભાઈ મળી જતા અંબુસિંહે પુછયું કે, 'કાકા લગ્નમાં કેમ ના આવ્યા, કંકોત્રી નહોતી મળી.' પિતાના મિત્ર હોવા સાથે રોડ કોન્ટ્રાકટનો વ્યવસાય તેમના જ સરકારી વિભાગ સાથે સંકળાયેલો હોઈ સારો ઘરોબો ધરાવતા હોવાથી નટુભાઈ સાથે આત્મીયતાનો સંબંધ તો હતો જ. નટુભાઈએ પહેલા તો કોઈ જવાબ ના આપ્યો પરંતુ ફરી પુછવાથી હા પાડી તેથી અંબુસિંહે કહ્યું કે 'તો કાકા મને તમે દંડ કરો, તમે જે કહેશો તે કરીશ' એટલે નટુભાઈએ કહ્યું, 'હા દંડ કરીશ પરંતુ હાલ નહી, થોડા દિવસ પછી કહીશ.'







થોડા દિવસ પછી નટુભાઈ અંબુસિંહની ઓફિસે પહોંચી ગયા અને કહ્યું, 'હું દંડ લેવા આવ્યો છું.' અંબુસિંહે પણ શાલીનતાથી કહ્યું, 'બોલો મારે શું કરવાનું છે.' નટુકાકાએ કહ્યું, 'વાવોલમાં સમાજથી વિખૂટા પડેલા નિરાધાર અને અસહાય વ્યકિતઓ માટે ટિફિન સેવા ચાલુ કરવી છે.' પિતાનું સ્વપ્ન પુરું કરવા શોધ કરી રહ્યા હતા તે યોગ્ય વ્યકિત મળી ગયાનું પ્રતિત થતા જ અંબુસિહે કહ્યું, 'બોલો કયારથી કરવી છે?' અને નટુભાઈએ એક સપ્તાહ પછી કહ્યું તો પણ અંબુસિંહે જણાવી દીધું કે, 'ના, પરમદિવસથી જ ચાલુ કરી દો, હું વ્યવસ્થા ગોઠવી દઈશ.' બસ આટલી ઘટનાથી વાવોલમાં જન્મ થયો એક અનોખી ટિફીન સેવાનો જેના થકી આજે દરરોજ ૮૦ વ્યકિતઓને નિયમિત તેમના ઘરે બેઠાં તદ્દન વિના મૂલ્યે આખા ભાણાંનું ટિફિન મળે છે. આ સમગ્ર કાર્યનું સંપૂર્ણ સંચાલન તદન નિઃસ્વાર્થ ભાવે નટુભાઈ પટેલ સંભાળે છે અને તેઓ પોતે તેમાં શકય હોય તેટલું કામ જાતે કરે છે. એક ટિફિનમાં દાળ-ભાત-રોટલી-શાક કયારેક કઠોળ-કઢી વગેરે સાથે આશરે ૯૦૦ થી ૧ હજાર ગ્રામ જેટલા વજનનું ભોજન પીરસવામાં આવે છે. વાવોલ ગામના વિસ્તારમાં વસતા આર્થિક, માનસિક કે શારિરીક રીતે નિરાધાર વ્યકિતઓના ઘરે જઈને આ ટિફિન પુરા પાડવામાં આવે છે. દરરોજ ચોખ્ખા કરાયેલા સ્ટીલના ટિફિનમાં ભોજન પુરું પડાય તે માટે ૧૮૦ નંગ ટિફિન વસાવાયા છે જે થકી જે દિવસે ભરેલું ટિફિન આપવામાં આવે ત્યારે આગળના દિવસે આપેલું ખાલી થયેલું ટિફિન પરત લાવવામાં આવે છે. આ ટિફિન સેવા માટે ભોજન બનાવવા ૩ મહિલાઓ, ૧ મદદનીશ, ૨ સફાઈ કામદાર અને ૧ નિયત કરેલ રીક્ષાની વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં સવારે ૮.૩૦થી ભોજન રાંધવાનું શરુ થઈ જાય છે જે ૧૧.૩૦ વાગે તૈયાર થઈ જાય એટલે ૧૨ વાગ્યા સુધીમાં તેનું વિતરણ થઈ જાય છે. કયારેક ગામમાં કોઈને ત્યાં તહેવાર પ્રસંગ કે તિથી હોય ત્યારે દાતા તરફથી ટિફિનમાં મીઠાઈ પણ પીરસવામાં આવે છે. આ સેવા માટ દરરોજ ૧૫ કિલો તાજા શાકભાજી, આશરે ૮ કિલો ચોખા, ૩ કિલો દાળ, ૮ કિલો લોટ ઉપરાંત જરૂરિયાત મુજબ તેલ-ઘી મસાલા વગેરે વપરાય છે.

આ સદકાર્ય માટે અંબુસિંહ તથા પ્રેમલસિંહ દ્વારા પોતાના માતા-પિતાના નામ પરથી શ્રીકમલા પુંજ ચેરિટેબલ ટ્રસ્ટ બનાવાયું છે. આ સંસ્થા દ્વારા ટિફિન સેવા ઉપરાંત રકતદાન શિબિર, વ્યસન મુકિત જાગૃતિ કાર્યક્રમ, મેડીકલ ચેક અપ કેમ્પ, વૃક્ષારોપણ, પંખીઓને ચણ, પક્ષી પરબ વિતરણ, બેટી બચાવો જાગૃતિ કાર્યક્રમ વગેરે સાથે જરૂરિયાતમંદોને ઉનાળામાં ચપ્પલ, શિયાળામાં ધાબળા, તહેવારોમાં મિઠાઈ, બાળકોને નોટ-ચોપડાં વગેરે પુરા પાડવામાં આવે છે. હવે, ટિફિન સેવા સાથે સાંજના સમયે કૂતરા માટે રોટલા બનાવવાની સેવા પણ ચાલુ કરાઈ છે. તેમજ આજના વ્યસ્ત યુગમાં કોઈના અવસાન પછી તેને કાંધ આપનારની સંખ્યા જે રીતે ઘટતી જાય છે તે જોઈ ગામના ઉપયોગ માટે 'અંતિમ યાત્રા રથ' નામની શબવાહિની બનાવડાવી છે જેનું ટૂંક સમયમાં જ ગામને લોકાર્પણ કરવામાં આવનાર છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કાંઠા ગામે સ્થિત હડકશા માતાજીના મંદિરે ચૈત્ર માસના છેલ્લા રવિવારે દર્શનનો અનેરો મહિમા દેવીપૂજક સમાજમાં જોવા મળી રહ્યો છે. આ કારણે રવિવારે ઉવારસદ, નારદીપુર, માણસા, પલિયડ વગેરેના માર્ગો પર ભરચક ટ્રાફિક સાથે કયાંક ટ્રાફિક જામના દૃશ્યો પણ જોવા મળ્યા હતા.

● ગાંધીનગરની મધ્યમાં ઘ-૪ સર્કલ પાસેના સ્વર્ણિમ પાર્ક ખાતે રાત્રે વાળુ પતાવી ઠંડક મેળવવા શહેરીજનો પોતાના પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉમટી પડે છે. અહીં નાના ભૂલકાંઓ માટે ઈલેકટ્રીક બેટરીથી ચાલતી રિમોટ સંચાલિત રમકડાંની નાની કાર અને બાઈકની સવારીની મોજ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.

● બોર્ડની પરીક્ષાઓ તથા માર્ચ માસ પૂર્વે પસ્તી બજારમાં તેજી જોવા મળી હતી અને ન્યુઝપેપરની પસ્તીના ભાવ બજારમાં રૂ. ૧૨ થી ૧૪ રૂપિયે કિલો સુધી પહોંચ્યા હતા. માર્ચ એન્ડિંગ પુરું થતા જ અને વેકેશન પડતા બજારમાં આ ભાવો ગગડીને રૂ. ૧૦થી ૧૧ સુધી આવી જવા પામ્યા છે.

## આજે કરાઈમાં દિક્ષાંત પરેડ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સરકારના ગૃહ વિભાગ હસ્તકની ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ગાંધીનગર ખાતે હથિયારી પી.એસ.આઈ. ઈન્ટેલીજન્સ ઓફિસર, આસીસ્ટન્ટ ઈન્ટેલીજન્સ ઓફિસર બિન હથિયારી લોકરક્ષક સંવર્ગના તાલીમાર્થીઓની પાસીંગ આઉટ પરેડ ૧૬મી એપ્રિલ ૨૦૧૮ના રોજ યોજાશે.

કરાઈ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૧૬મીએ સવારે ૮.૧૫ કલાકે યોજાનાર પરેડ સમારોહમાં મુખ્ય મહેમાન પદે મુખ્યમંત્રી વિજય રૂપાણી, અતિથિ વિશેષ પદે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા તથા વિશેષ ઉપસ્થિતિ પદે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.એસ. ડાગુર અને પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝા હાજર રહેશે.

## આજે પૉકેટ કોપ અને મોબાઈલ એપ લોન્ચીંગ કરાશે

ગાંધીનગર, તા. ૧૫

રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સઘન બનાવવા માટે પૉકેટ કોપ અને મોબાઈલ એપ લોન્ચીંગ કરવામાં આવશે.

રાજયમાં દિનપ્રતિનિધિ બનતા ગંભીર ગુન્હા વધી રહ્યા છે સમાજમાં બનતા પ્રત્યક્ષ ગુન્હાની સાથે હવે સોશિયલ મીડિયામાં પણ ગુન્હાનું પ્રમાણ વધી રહ્યું છે. ઉપરાંત રાજયમાં વારંવાર કથળતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ ને વધુ સઘન બનાવવા માટે રાજય સરકાર સોશિયલ મીડિયાનો સહારો લઈ રહ્યા છે. જેના અનુલક્ષમાં રાજય સરકારના ગૃહવિભાગ દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સઘન બનાવવા માટે હવે પૉકેટ કોપ અને મોબાઈલ એપ લોન્ચીંગ કરવામાં આવશે.

આવતીકાલે ૧૬મી એપ્રિલને સોમવારના રોજ સવારે ૧૧ કલાકે નર્મદા હોલ, સ્વર્ણિમ સંકુલ-૧ ગાંધીનગર ખાતે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે લોન્ચીંગ કરવામાં આવશે. જેમાં અધિકારીઓ હાજર રહેશે.

## ચિરવિદાય

- સ્વ. લીલાબેન રણજીતસિંહ વાઘેલા, ઉ.વ. ૭૨
- સ્વ. બ્રિજમોહન કનૈયાલાલ ડોલરીયા, ઉ.વ. ૨૪
- સ્વ. મુન્નાભાઈ રાધેશ્યામ રાજપૂત, ઉ.વ. ૬૦